## યુવા ઉત્સવ ઝોન કક્ષા






**તા. ૧૪/૧૨/૨૫ :** મૌની ઇન્ટરનેશનલ સ્કૂલ, ઉતરાણ સુરત ખાતે યોજાયેલ ઝોન કક્ષાના યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

| સ્પર્ધા | વિદ્યાર્થીનું નામ | ધોરણ | પરિણામ |
|---|---|---|---|
| નિબંધ લેખન સ્પર્ધા | માછી શીવાંગી એચ. | ૧૧ વિ.પ્ર. | પ્રથમ (રાજ્ય કક્ષાએ ભાગ લેવા પસંદગી) |
| હળવું કંઠ્ય સંગીત | કુશ્વાહ નંદની એસ. | ૧૧ વિ.પ્ર. | ભાગ લીધો |
| ગિટાર | ભાવસાર હરિન એચ. | ૧૧ વિ.પ્ર. | તૃતિય ક્રમ |
| લોકવાદ્ય | મોદી દિવ્યાંગ એમ. | ૧૧ સા.પ્ર. | તૃતિય ક્રમ |

## રાજ્ય કક્ષા

**તા. ૨૭/૧૨/૨૫ : વેદાંત ગ્લોબલ સ્કૂલ, મોરબી ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના યુવા ઉત્સવ-૨૦૨૫ ની લોકગીત સ્પર્ધા** માં શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

કન્વીનર શિક્ષક : વંદનાબેન ભાભોર, ચીમનભાઇ પરમાર

| તારીખ | સ્થળ | સ્પર્ધા | વિદ્યાર્થીના નામ | પરિણામ |
|---|---|---|---|---|
| ૨૭/૧૨/૨૫ | વેદાંત ગ્લોબલ સ્કૂલ, મોરબી | લોકગીત | બામનિયા ઉર્મિલા એ. (૯-અ), કુશ્વાહ નંદની એસ. (૧૧ વિ.પ્ર.), માછી આયુષી એમ. (૧૧ વિ.પ્ર.), ઓગણીયા નિરાલી વી. (૧૧ વિ.પ્ર.), પરમાર સુહાની એન. (૧૧ વિ.પ્ર), ભારતી કાજલ આર. (૧૧ વિ.પ્ર.), વસાવા સરસ્વતી એન. (૧૧ વિ.પ્ર.), ભટ્ટ વૈભવી ડી. (૧૧ વિ.પ્ર.) | ભાગ લીધો |
| ૨૮/૧૨/૨૫ | નાલંદા વિદ્યાલય, મોરબી | નિબંધ સ્પર્ધા | માછી શિવાંગી એચ. | ભાગ લીધો |







## આ છે ગુજરાત

સાસણગીરના સિંહની ગર્જના છે ગુજરાત,
ઈતિહાસના શુરવીરની ગાથા છે ગુજરાત,
મા નર્મદા, પવિત્ર અહેસાસ છે ગુજરાત.

સોમનાથના શિવની કૃપા છે ગુજરાત,
કાનુડાના શાસનનું સાક્ષી છે ગુજરાત,
ગબ્બરના ગોખે બીરાજેલી, મા અંબાનું હૃદય છે ગુજરાત.

અવનવા ઉદ્યોગનો વિકાસ છે ગુજરાત,
પરિવર્તનને સદૈવ સ્વીકારી આગળ વધ્યું છે ગુજરાત,
ભારતનું સૌથી ધનિક રાજ્ય છે ગુજરાત.

ડિજિટલ વર્લ્ડનું ડિજિટલ સ્ટેટ છે ગુજરાત,
વિકાસના પંથની આધાર છે ગુજરાત,
નવા ભારતનો નવો ચહેરો છે ગુજરાત.

રોકાણનું ખમીર ને વેપારનું સાહસ છે ગુજરાત,
કરેલી દુનિયા મુઠ્ઠી મે નો પાયો છે ગુજરાત,
આ દેશના સુકાનીનું વતન છે ગુજરાત.

કચ્છના સફેદ રણની ચાદર છે ગુજરાત,
નવરાત્રીની નવ નવલી રાત છે ગુજરાત,
તરણેતરના મેળાનો આનંદ છે ગુજરાત.

સાવજનો ત્રાડ ને અભિમાનની આણ છે ગુજરાત,
ગરબાના તાલ ને ભારતની ઓળખાણ છે ગુજરાત,
સફળ વિશ્વમાં વસતા ગુજરાતીનો રણટંકાર છે ગુજરાત.

**- પ્રિયાંશી ટંડેલ 'પુકાર'**
**ધો. (૧૦-બી)**